# માધ્યમિક શિક્ષણ સામેના હાલના પડકારો

આજના સમયની આનંદરૂપ વાત એ છે કે, આજે સમાજનો મોટાભાગનો વર્ગ શિક્ષણમાં રસ લઈ રહ્યો છે. સાથે સમાજની માંગને અનુરૂપ શિક્ષણ આપવાનો પ્રયત્ન સરકાર તરફથી પણ થઈ રહ્યો છે. સરકાર શિક્ષણ વિષયક અનેક નિર્ણયો જરૂરિયાત પ્રમાણે લે છે. આવા નિર્ણય લેવામાં આવે ત્યારે કે નિર્ણય લેવાના છે તેની જાણ થતાં જ સમાજમાં તે અંગેની ચર્ચાઓ શરૂ થઈ જાય છે. જે જાગૃત અને વિકાસશીલ સમાજનું લક્ષણ છે . આવી ચર્ચાઓ જ્યાં સુધી ચાલશે ત્યાં સુધી સમાજ સતત વિકસતો રહેશે, જે દિવસે આવી ચર્ચાઓને રોકવામાં આવશે કે બંધ થઈ જશે તે દિવસથી સમાજની અધોગતિ શરૂ થઈ જશે. આપણી ગુજરાત સરકાર અને તેમાં પણ માધ્યમિક શિક્ષણબોર્ડ દ્વારા આ વર્ષે ઘણાં અગત્યના નિર્ણયો લેવાયા છે અને અત્યારના સમયે કેટલાક નિર્ણયો લેવાઈ રહ્યાં છે. જેની ચર્ચા શાળા-કોલેજમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો-આચાર્ય કરી રહ્યાં છે. માત્ર શિક્ષકો-આચાર્યો જ નહીં શાળા કોલેજના સંચાલકો, ટ્રસ્ટીઓ, વાલીઓ પણ ચર્ચા કરે છે. અરે જેનું બાળક શાળા-કોલેજમાં જતું નથી તેવા વાલીઓ પણ પોતાનો મત-અભિપ્રાય આપે છે. જે બાબતને સૌએ વખાણવી જોઈએ. આમછતાં અત્યારના સમયે જે બાબતોની ચર્ચા વિશેષ થઈ રહી છે, તેમાંની કેટલીક વિગતો સમાજ અને સરકાર સમક્ષ રજૂ કરીને ધ્યાન દોરવાનો આ નમ્ર પ્રયત્ન છે.

અત્યારે મા.શિ.બોર્ડ આચાર્યની નિમણૂંકની લાયકાત અંગે એક સુધારો કરવાનું વિચારી રહેલ છે. જેમાં આચાર્ય બનવા માટે દસ વર્ષનો શિક્ષક તરીકેનો અનુભવ અને શૈક્ષણિક લાયકાતમાં માસ્ટર ડિગ્રી. આ બાત સારી છે, વધાવવા જેવી છે. આમ છતાં આ સુધારો કરતાની સાથે બીજા બે પ્રશ્નો ઊભા થાય છે તેનો પણ ઉકેલ લાવવો જરૂરી છે. પ્રથમ પ્રશ્ન એ છે કે, આચાર્ય બનવા માટે શિક્ષક તરીકેના અનુભવ અંગેનો જો તે શિક્ષક અનુસ્નાતક હોય તો સાત વર્ષનો અનુભવ અને અનુસ્નાતક એટલે કે માસ્ટર ડિગ્રી ન હોય તો પંદર વર્ષનો અનુભવ. અહીં સાત વર્ષે આચાર્ય બનવાથી આર્થિક થોડો ફાયદો થાય છે, પણ પંદર વર્ષે આચાર્ય બનવાથી માત્ર પગારના રક્ષણ સાથે એક જ ઈન્ક્રીમેન્ટ વધશે. તે જોતાં પંદર વર્ષે આચાર્ય બનનારને જવાબદારી જેટલા પ્રમાણમાં વધે છે, તેના પ્રમાણમાં આર્થિક ફાયદો થતો નથી. આમ મોટી જવાબદારી ઉઠાવીને, સામાન્ય આર્થિક ફાયદો મેળવવાનું મોટાભાગના શિક્ષકો નહીં જ વિચારે. હા જેમને આચાર્ય બનવાનો મોહ હોય અને આચાર્ય બનીને કશુંક નવું પ્રદાન કરવાની ઈચ્છા હશે તે જ આ સ્કીમમાં જોડાશે. પણ આવું વિચારનારનું પ્રમાણ કેટલું? મોટા ફાયદા વગર ચોવીસ કલાકની જવાબદારી સ્વીકારીને કોઈ શિક્ષક આચાર્ય બને ખરા ? સાથે એ વાત પણ સ્વીકાર્ય છે કે, દસ વર્ષનો અનુભવી શિક્ષક જો આચાર્ય બને તો તેનામાં વધુ ક્ષમતા અને વધુ ડહાપણ હોય. તો આ બાબતને શક્ય બનાવવી હોય તો આચાર્યના પગાર ધોરણ સરકારે તાત્કાલિક પણે સુધારવા જોઈએ. આચાર્યના પગાર ધોરણ એવા રાખવા જોઈએ કે જેથી આચાર્ય બનનાર વ્યક્તિ સારી રીતે આચાર્યપણું નિભાવવા અંદરથી જ હોંશે હોંશે તૈયાર થાય. તે આર્થિક પ્રગતિ સાધવા અન્ય કોઈ પ્રવૃત્તિ ન કરે તેવા પગાર ધોરણ હોવા જોઈએ. આમ લાયકાત જો વધારવી હોય તો મળતા લાભ પણ વધારવા જોઈએ. બીજો પ્રશ્ન એ છે કે, આચાર્યની નિમણૂંકમાં અનુસ્નાતક-માસ્ટર ડિગ્રી. અહીં નવો પ્રશ્નએ ઊભો થશે ગણિત-વિજ્ઞાનના માધ્યમિક શાળાના શિક્ષકો માટેનો. અત્યારે ગણિત કે વિજ્ઞાનના કેટલા શિક્ષકો પાસે માસ્ટર ડિગ્રી છે. હું માનું છું કે તેનું પ્રમાણ સાયન્સના કુલ શિક્ષકના બે ટકા જેટલું પણ નહીં હોય. હા... જ્યાં હાયર સેકન્ડરી શાળાઓ છે ત્યાં એમ.એસ.સી. થયેલ શિક્ષકો મળશે પણ જ્યાં માત્ર માધ્યમિક શાળાઓ છે ત્યાંનું શું ? કદાચ એમ વિચારી લઈએ કે, આચાર્ય બનવા માટે આવા શિક્ષકો ફરીથી અભ્યાસ કરીને ઉચ્ચ લાયકાત મેળવે. પણ આ શક્ય એટલા માટે નથી લાગતું કે, આઠ દસ વર્ષ પછી ફરીથી નોકરીમાં રજા મૂકીને ઉચ્ચ અભ્યાસ કરવા જવું કયા શિક્ષકને સ્વીકાર્ય બને ? કારણ કે, એમ.એડ્. કે એમ.એસ.સી.નો અભ્યાસક્રમ

પૂર્ણ કરવા નિયમિત કોલેજમાં જવું ફરજિયાત છે. યુનિવર્સિટીમાં ખાતરી કરતાં જાણવા મળ્યું કે, બી.એસ.સી. થયેલ વ્યક્તિ એક્સટર્નલ તરીકે એમ.એ. કે એમ.કોમ. ન કરી શકે. આ રીતે જોતાં આચાર્યની નિમણૂંકમાં માસ્ટર ડિગ્રી ફરજિયાત રાખવાથી ભવિષ્યમાં વિજ્ઞાનના શિક્ષકો આચાર્ય નહીં બની શકે. જે શાળા અને શિક્ષકો બંનેને નુકશાન કરતાં હશે. કારણ કે, ટેકનિકલી શાળાને આગળ લાવવી ગણિત-વિજ્ઞાનના આચાર્ય માટે સરળતા ભર્યું હોય છે. ઉપરાંત શાળામાં ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં અને કરાવવામાં ગણિત-વિજ્ઞાનના શિક્ષકોનું પ્રદાન ખૂબજ મોટું હોય છે. આમ પણ અત્યારે શિક્ષક બનવા માંગતા વિદ્યાર્થીઓમાં ગણિત-વિજ્ઞાનના વિષયોમાં પૂરતી સીટ પણ નથી પૂરાતી. ત્યાં માસ્ટર ડિગ્રી કરીને કોણ બી.એડ. કરવા આવશે. આ માટે અન્ય વિચારણા મા.શિ.બોર્ડે કરવી જ પડશે.

બીજો મહત્વનો પડકાર શિક્ષકોની નિમણૂંક અંગેનો છે. અહીં એક બાબતની ખાસ નોંધ લેવી જ પડશે કે, વિદ્યાર્થી અને વાલીને શિક્ષકની નિમણૂંખ કેવી રીતે થાય છે તેમાં બિલકુલ રસ નથી, તેમને તો ર છે, સારા શિક્ષકોની નિમણૂંક થાય તેમાં. આ બાબતને ગંભીરતાથી અગ્રીમ સ્થાને મૂકવી જોઇએ. અન્ય રીતે જોતાં છેલ્લા કેટલાક વર્ષોમાં આપણા રાજ્યમાં શિક્ષકોની તાલીમી કોલેજોની સંખ્યાનું પ્રમાણ વધતાં કેટલાંક અનિષ્ટોએ પ્રવેશ કરી લીધો છે. વિવિધ યુનિવર્સિટી અને કોલેજો વચ્ચે ગુણવત્તાના પ્રમાણમાં પણ વિવિધતા જોવા મળે છે. ત્યારે સારા શિક્ષકની પસંદગી માટે રાજ્ય કક્ષાએ એક પરીક્ષા લેવી જોઇએ. આમ કરતાં નબળી તાલીમ લીધી હશે કે તાલીમ લીધા સિવાય ડિગ્રી લીધી હશે તે ગળાઇ જશે. આ પરીક્ષામાં સફળ થયેલા તાલીમીઓનું લીસ્ટ સંચાલકો સામે મૂકી દેવાનું. સંચાલકોએ તેમાંથી જ યોગ્ય વિધિ પૂર્ણ કરીને શિક્ષકની નિમણૂંક આપવાની હશે. પછી જે શિક્ષક બનશે તે સારી ગુણવત્તા ધરાવતા જ હશે. હકીકતમાં સરકારે પ્રાથમિક અને માધ્યમિક બંને જગ્યાએ આવી પરીક્ષા લઇને જ નિમણૂંક કરવી જોઇએ. આ બાબતમાં જેટલું મોડું કરીશું તેટલા પ્રમાણમાં સમાજને નુકશાન છે અને સારી સરકાર, જાગૃત સરકાર ક્યારેય સમાજને નુકશાનીમાં જવા દેતી નથી. જોઇએ આપણી સરકાર બોદા શિક્ષકોની નિમણૂંકમાંથી સમાજને કેટલી ઝડપથી બચાવે છે.

ત્રીજો પડકાર માધ્યમિક શિક્ષણ ક્ષેત્ર માટેનો છે, ધો.૯ થી ૧૨નું સળંગ યુનિટ કરવાનો. આ અંગે સંચાલકો અને શિક્ષકો વિવિધ મત ધરાવે છે. પણ મારી દ્દષ્ટિએ સળંગ યુનિટ કરવું જોઇએ. જેનાથી થતાં નુકશાન કરતાં ફાયદાઓ વધારે છે. આમ જોવા જઇએ તો કોઇને કશું જ નુકશાન જવાનું નથી. ઉપરથી ફાયદાઓ વધારે છે.કારણ કે, અત્યારે માધ્યમિક શાળામાં શિક્ષકનો રેશિયો દોઢનો છે અને ઉચ્ચત્તર માધ્યમિકમાં અઢીનો રેશિયો છે. તે બદલીને સળંગ યુનિટ કરતાં બેનો રેશિયો કરી દેવો. બાકીના પ્રશ્નો સરળતાથી ઉકેલી શકાય તેમ છે. પટાવાળા અને ક્લાર્કની નવી નિમણૂંક ઓછી કરવી પડશે.

ચોથો પડકાર વિશે અમદાવાદ કેળવણી ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રી પ્રફુલ્લચંદ્રે ધ્યાન દોર્યું. તેમના મતે અત્યારે રાજ્યમાં શાળા કક્ષાનો અભ્યાસક્રમ સમાન છે. આ અભ્યાસક્રમ ઘડતાં નબળાં, મધ્યમ અને હોશિયાર વિદ્યાર્થીને ધ્યાનમાં રાખવા પડે જ. જેથી ક્યાંક નબળાં વિદ્યાર્થીને અન્યાય થાય છે તો ક્યાંક હોશિયાર વિદ્યાર્થીને અન્યાય થાય છે. નબળાં વિદ્યાર્થીઓ સરળતાથી આગળ વધી શકતા નથી, જેથી અધવચ્ચે અભ્યાસ છોડી દે છે. તો હોશિયાર વિદ્યાર્થીઓ શાળા-કોલેજ પછી હરીફાઇમાં ટકી શકતા નથી. જેથી અભ્યાસક્રમ બે પ્રકારનો રાખવો જોઇએ. જેની જેવી શક્તિ હોય તેવો અભ્યાસક્રમ પસંદ કરશે. હોશિયાર વિદ્યાર્થી માટે આજના અભ્યાસક્રમ કરતાં વધુ મુદ્દા ઉમેરી વધુ ઊંડાણપૂર્વકનો બનાવવો, જ્યારે નબળાં વિદ્યાર્થીઓ માટે તેમની જરૂરિયાતને ધ્યાનમાં રાખી સરળ બનાવવો. જેથી શાળાકક્ષાએ અપવ્યય અને સ્થગિતતાના પ્રશ્નો સરળતાથી ઉકેલાશે. આ બાબતના અમલ માટે અન્ય બીજી કોઇ સમસ્યા ઉભી થવાની નથી. માત્ર રસ્તા જ બે બનાવવાના છે. આ બાબત અભ્યાસક્રમ ઘડનાર સૌએ વિચારવા જેવી છે.